ભાવસાર કોમનો ભાગ્યોદય.

લેખક,

શેઠ.

આપણા.

રામરતન,

૧૯૧૪.

ભાવસાર કોમનો ભાગ્યોદય.

લેખક

માસ્તર નાથજી માહેશ્વર પાઠક,

દુધીઆ-તા. દેવગઢ બારીયા સ્ટેટ.

જ્ઞાતિ બંધુઓને વિના મૂલ્યે આપવા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ભાવસાર નવલચંદ મંગળજી રામરતન,

દાહોદ-જીલ્લે પંચમહાલ.

સંવત ૧૯૭૧.   સને ૧૯૧૪

આવૃત્તિ ૧ લી, પ્રત ૫૦૦.

દુધીઆ, તા. ૧

શુભ ગુણાલંકૃત રામસ્નેહિ ભક્ત

પ્રિય નવલચંદ મંગળજી ભાવસાર

૧

લિ. કડાણાવાસી ત્રવાડી મેવાડા વિપ્ર માસ્તર નાથજી પાઠકના યથાઘટિત. વિશેષ આપન ચારો તથા પત્રાનુર પની ડુંગરપુર, વાંસવાડા, સલુંબર, સાગવાડા, સાબરા વિગેરે જ્ઞાતિના સુધારા માટે મારી અલ્પ મતિએ નિબંધરૂપ લેખ કર્યો છે તે સ્વિકારશો.

આપની કોમના સુધારા માટે આપની ભારે લાગણી અત્યંત ખુશી થયો છું અને તે બદલ આપને ધન્યવાદ આ આપના જેવીજ આપની જ્ઞાતિના આગેવાનો લાગણી ધરા બેશક જ્ઞાતિની ઉન્નતિ થશે. આપનો પરિશ્રમ સફળ થાઓ!

લી. સ્નેહાધિન,

માસ્તર નાથજી માહેશ્વર પ

હાલ **દુધીઆ**, તા. દેવગઢ બા

ઉપરનો પત્ર અને લેખ ઘણાજ આભાર સાથે
થયો છું.

દા. ભાવસાર નવલચંદ

બે બોલ.

ના આગેવાન બંધુઓને જ્ઞાતિ સુધારા માટે આ પહેલાં વિનંતિપત્ર લખી ચૂક્યો છું. પણ તેનો અમલ થએલો થી આ લેખ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવામાં આવે છે. તે પ્રમાણે મલ કરવા મારી નમ્ર અરજ છે. જ્ઞાતિબંધુઓએ પણ પો- સંભાળવું જ જોઇએ. આમાં જે કાંઈ લખવામાં આવ્યું તેના હિતની ખાતર છે છતાં કોઇને ખરૂંખોટું લાગે તો તેનો દોહરો વાંચવા મારી ભલામણ છે.

દોહરો.

હિતેચ્છુ જન હિત કારણે કહેજ કડવાં વેણ;
:ખ વિડારણ વૈદ્ય પણ દે ઔષધ દુખદેણ.

૧૯૭૦ ના
ન સુદી ૧૧.

લિ. જ્ઞાતિ સેવક
ભાવસાર નવલચંદ મંગળજી,
દાહોદ.

કેળવણી.

સુજ્ઞ રામસ્નેહિ ભાવસાર બંધુઓ !! આપણે આપણ
અવલોકન કરીએ. આજકાલ વર્તમાનપત્રો યાને અખબારો
ઘણી જ્ઞાતિઓમાં શી રીતે જ્ઞાતિની ચડતી થાય તે સારૂ
વાજોમાંથી જે હાનિકર્તા હોય તે બંધ કરી અમુક પ્રકારના
ઠરાવો કર્યાનું વાંચીએ છીએ ત્યારે આપણી જ્ઞાતિ અજ્ઞાનતા
કારમાં ભર નિદ્રામાં ઉંઘે છે અને તેથી જ્યાં જોઇએ ત્
રાગદ્વેષ અને મિથ્યાભિમાન સિવાય બીજું કંઇ પણ દૃષ્ટિ
નથી. તેથી આપણે તેનાં કારણો તપાસી જો ઉપાયો નહિ લ
ભવિષ્યની પ્રજાની ઘણીજ માઠી હાલત થશે એ વાત નિઃ

આપણી જ્ઞાતિનો વિસ્તાર વાગડ ક્ષેત્રમાં છે. આ ક્ષે
ગ્રેજી રાજ્યની માફક ઠામ ઠામ નિશાળો નહિ હોવાથી ;
નિશાળો છે ત્યાં આપણા લોકો છોકરાંને ભણાવતા નથી તે
પ્રજાનો મોટો ભાગ વિદ્યાહિન રહે છે. અને તેથી ગુજરા
આપણને "માળવી ઢાંડાં" (ઢોર) કહે છે. તેમાં ખોટું
કારણ નથી. કેમકે

विद्यानाम नरस्य रुपमाधिकं प्रच्छन्न गुप्तं धनं
विद्याभोग करी यशः सुखकरी विद्यागुरुणां गु
विद्याबंधु जनो विदेश गमने विद्यापरा देवता
विद्याराजसु पूजिता नतु धनं विद्याविहीनः प

વિદ્યા એ મનુષ્યનું અધિક રૂપ અને ગુપ્ત ધન છે; વિ
પ્રકારના ભોગ, યશ અને સુખ કરાવનારી છે. એટલુંજ નહિ

ગુરૂનો ગુરૂ છે. વિદ્યા પરદેશમાં બંધુ સમાન છે અને દેવતાઓથી પણ અધિક છે. વિદ્વાન ધનવાન કરતાં પણ આખા જગતમાં ઉત્તમ ગણાય છે. પરંતુ વિદ્યાવિનાનો માણસ તો પશુ સમાન છે.

વળી કહ્યું છે કે—

विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।

स्वदेशे पूज्यते राजा विद्वान सर्वत्र पूज्यते ॥

રાજાપણું અને વિદ્વાનપણું કદી સરખાં હોતાં નથી. રાજા પોતાના રાજ્યની હદમાં માનને લાયક છે. પરંતુ વિદ્વાન માણુસ તો આખા જગતમાં માનને પાત્ર છે.

વળી કહ્યું છે કે—

रूप यौवन संपन्ना विशाल कुल संभवा ।

विद्याहिना न शोभन्ते निर्गंधाइव किंशुका ॥

માણુસનામાં ગમે તેટલું રૂપ હોય, યુવાન અને શ્રીમંત હોય તેમ મોટા કુળમાં જન્મ્યો હોય તો પણ ખાખરાનાં ફૂલ જે કેસુડાં તે જેમ સુગંધી વિના શોભતાં નથી તેમ તે માણુસ વિદ્યા વિના શોભતો નથી. વળી કહ્યું છે કે—

येषां न विद्या न तपो न दानं

ज्ञानं न शीलं न गुणो न धर्मः ।

ते मृत्यु लोके भुवि भार भूता

मनुष्य रूपेण मृगाश्चरन्ति ॥

જેણે વિદ્યા સંપાદન કરી નથી, જેણે પરમાત્માનું ધ્યાન કે ભજન કે ઉપાસના કરી નથી, જેણે ગરીબોનું રક્ષણ કર્યું નથી, જેણે જ્ઞાનની

ઉન્નતિ કરી નથી, કે સ્વધર્મ પાળ્યો નથી, કે સદ્ગુણ સંપાદન કર્યા નથી, તેવા માણસો આ પૃથ્વીને ભારે મારે છે. છતાં મનુષ્યના રૂપમાં મૃગોની માફક આ ભૂમિમાં ચર્યા કરે છે. વળી કહ્યું છે કે—

न चौर हार्यं न च राज हार्यं
न भ्रातृ भाज्यं न च भारकारि ।
व्यये कृते वर्धत एव नित्यं
विद्याधनं सर्व धन प्रधानम् ॥

ચોર ચોરી કરી શકે નહિ, રાજા હરી શકે નહિ, ભાઈઓ ભાગ પડાવી શકે નહિ, લેશ માત્ર પણ ભાર કરે નહિ, અને તે બી-જાને આપવાથી ઘટવાને બદલે નિરંતર વધે છે એવું વિદ્યારૂપી ધન સર્વમાં શ્રેષ્ઠ છે.

લક્ષ્મી અને માન તેના પાછળ ખેંચાઇ આવે છે. વળી વિદ્યા વિના જ્ઞાન નથી, જ્ઞાન વિના ભક્તિ નથી, અને ભક્તિ વિના મોક્ષ નથી. માટે સુજ્ઞ જ્ઞાતિબંધુઓ બાળકોને કેળવણી આપવા તમારૂં તન, મન ને ધન અર્પણ કરો. બાળકોને નહિ ભણાવનાર માબાપો દુશ્મનની ગરજ સારે છે.

माता शत्रु पिता वैरी येन बालो न पाठितः ।
न शोभते सभा मध्ये हंस मध्ये वको यथा ॥

જે માતાપિતા પોતાની પ્રજાને ભણાવતાં નથી તે તેમનાં ખરા શત્રુ છે અને તે અભણ માણસ જેમ હંસના ટોળામાં બગલો શોભતો નથી તેવી રીતે તે સભામાં શોભતો નથી.

વાગડ ક્ષેત્રમાં કેળવણીને નામે મૂળથી મીંડું છે. પરંતુ હાલમાં

અંગ્રેજી રાજના દાખલા જોઇ દેશી રાજકર્ત્તાઓએ થોડી થોડી કેળવણીની શરૂઆત કરવા માંડી છે અને તેથી ઘણાં મોટાં ગામોમાં નિશાળો નથી ત્યાં નિશાળો સ્થાપવા સરકારને ગામના આગેવાનોએ વિનંતિ કરવી જોઇએ. એટલુંજ નહિ પરંતુ એક ફંડ કરી કેળવણીનાં સાધન ઉભાં કરવાં. "આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ." આ કહેવત હમેશાં ધ્યાનમાં રાખવી.

આ દેહરૂપી ઘરમાં જ્યાંસુધી વિદ્યારૂપી દીપ પ્રગટ્યો નથી, ત્યાંસુધી અંધારૂં ઘોર સમજવું. સુધારાનો આધાર કેળવણી ઉપર છે માટે મારા જ્ઞાતિબંધુઓ લડાઈ ટંટા, રાગદ્વેષ અને મિથ્યાભિમાનનો મંત્ર જપવો છોડી દઇ ઉગતી પ્રજાને કેળવણી આપવાનો મંત્ર જપો. અંગ્રેજ લોકો આગળ આપણા કરતાં પણ ઘણા જ જંગલી હાલતમાં હતા. પરંતુ તેઓ કેળવણી અને સંપનો મંત્ર જપ્યા તો આજે આખી પૃથ્વી ઉપર રાજ કરે છે. તમને જાણીને અજાયબી લાગશે કે **हेलनकेलर** નામની અમેરિકન સ્ત્રી બહેરી, મૂંગી અને આંધળી હોવા છતાં બી. એ. થઈ. વળી હાલમાં **मेकेन्झी** નામના અંગ્રેજ બહેરા તથા મૂંગા હોવા છતાં વિલાયતમાં મોટી એમ. એ. ની પદવી મેળવી છે. આ સમાચાર જાણી કાળા માથાનો માનવી શું ન કરી શકે? એ કહેવત આપણી આંખ આગળ ખડી થાય છે. બેશક મનુષ્ય ધારે તે કરી શકે, પણ તેણે કરવું જ જોઇએ. મતલબ એ છે કે મારે આ કામ ગમે તેમ કરીને કરવું જ આવો દૃઢ નિશ્ચય કરે તો તે ધારેલાં સર્વ કામ પાર પાડી શકે.

વિદ્યા સંપાદન કરવામાં બહેરાપણા તથા મૂંગાપણા કરતાં કંઇ ભારે અડચણો આવી શકે? અને તે જ્યારે મનુષ્ય તણખલા બરોબર ગણી દૂર કરી શકે છે ત્યારે સાધારણ અડચણો તે શા લેખામાં?

વળી ગ્રીસ દેશના પ્રખ્યાત વકતા ડીમોસ્થીનીસ કરીને થઇ ગયા. તે-મની જીભ નાનપણુથી જ તોતડાતી હતી. જેની જીભ તોતડાય તેને બોલવાનાં જ ફાંફાં તો પછી સભામાં મોઢેથી શ્રોતાનાં હૃદય ભેદી નાખે તેવું છટાદાર બાષણ થઇ શકે જ નહિ. પણુ એ અનુમાન હવામાં કિલ્લા બાંધનારાઓને માટે જ સત્ય છે. પરંતુ કાર્ય કરનારને માટે તો ખોટું છે. આ પુરૂષ દરીઆ કિનારાપર જઇ જીભપર કાંકરા મૂકી મોટેથી બોલવાનો અભ્યાસ કરી કુદરતને પણુ તે કાબુમાં લાવી શક્યો.

ખરૂં છે કે આવાં કામ કોઇ વિરલાજ કરી શકે છે. તેમ આ-વી અડચણો પણુ થોડાને જ હોય છે. સારૂં કામ માણુસ આદરે અને તેની પાછળ નિરંતર મંડયા રહે તો તે પાર પાડી શકે અને ઇશ્વર પણુ તેને સહાય કરે એમાં સંશય નથી માટે હે જ્ઞાતિબંધુઓ પો-તાની પ્રજાને વિદ્યાહિન ન રાખતાં કેળવણી આપી તેમની જીંદગી સુધારવા દૃઢ નિશ્ચય કરી કેળવો. તમને અડચણો આવે તો સંભારવું કે આંધળા અને બહેરા મૂંગા વિદ્વાન થયા અને તોતડા મહાન વકતા થયા એ તેમના દૃઢ વ્રતને પ્રતાપે જ તો પછી ઇશ્વર તમને કેમ સહાય નહિ કરે ? આળસુ થઇને બેસી રહેનારનો કોઇ દિવસ ઉદય થતો નથી. જમાનો બદલાય તેમ માણુસે બદલાવું જોઇએ. હાલનો જમાનો કેળવણીનો છે. અરે ! ઢેડ ભંગી જેવા નીચ લોકો પણુ કેળવણી લેવા લાગ્યા છે. તેનો તમે કેમ વિચાર કરતા નથી ? કેળવણી નોકરી કરવા માટે જ લેવી એવું કંઇ નથી. કેળવાયલો માણુસ હરકોઇ ધંધો સહેલથી કરી ધન અને કીર્ત્તિ પ્રાપ્ત કરી પોતાની જીંદગી સુખરૂપ ગુજારી શકે છે.

આપણા લોકોમાં અજ્ઞાનતાને લઇ એવા વિચારો ઘર કરી બેઠા છે કે છોકરો જન્મ્યા પછી તેનાં માબાપને પહેલી ફરજ જે કેળવણી આપવી તેનું તો બીલકુલ ભાનજ હોતું નથી. પરંતુ તેનું સગપણુ ક-

રવાના વિચારો નિશદિન ઘોળાયાં જ કરે અને તેમાંજ જીંદગીનો મોટો લ્હાવો માને છે. વળી જેમનાં છોકરાં પારણામાંથી ઝડપાય તે તો એટલે સૂધી ફૂલાઇ જાય કે અમે કેવા કુળવાન છીએ કે અમારાં છોકરાંની સગાઇ પારણામાંથી થઈ. આ કેટલી બધી મૂર્ખાઈ છે? પારસી કોમ કેળવણી લીધા પછી મોટી ઉમરે લગ્ન કરે છે. આથી પ્રજા બુદ્ધશાળી અને બળવાન નીવડે છે. વળી એ લોકો સારા કેળવાયલા વરને શોધી તેને પોતાની દીકરી અને તેની સાથે ધન આપે છે જેથી તેઓ પોતાની જીંદગી સુખરૂપ ગુજારે છે. આપણા લોકો પોતાના સ્વાર્થ આગળ દીકરીના સ્વાર્થની બીલકુલ પરવા રાખતા નથી. તેથી જેમ "કજોડ બળદથી ગાડું ચાલતું નથી" તેમ તેમનો સંસાર સુખરૂપ નીવડતો નથી. જ્યાં પુરૂષ કેળવણીની ઘણી ખામી છે, ત્યાં સ્ત્રી કેળવણી માટે શું કહેવું? તેથી હાલ એ સબંધમાં લખવા વિચાર બંધ રાખ્યો છે.

સ્ત્રીઓનાં લક્ષણ માટે એક ઠેકાણે કહ્યું છે કે

कार्येषु मंत्री करणेषु दासी, भोज्येषु माता शयनेषु रंभा ।
धर्मानुकुला क्षमया धरीत्री भार्या च षड् गुण्य वनीह दुर्लभ ॥

સ્ત્રી જ્યારે એવા લક્ષણવાળી બને ત્યારેજ તેને સ્ત્રીપણું આવ્યું કહેવાય. તે માટે સ્ત્રી કેળવણીની પણ ઘણી જરૂર છે.

વિશેષમાં કહેવાનું કે બાળકોના આચાર વિચારનો ઘણો આધાર તેના માબાપનાં વર્તન ઉપર રહે છે; ત્યાર પછી શિક્ષક ઉપર અને બીજાં છોકરાંની સોબત ઉપર રહે છે. માટે નાનપણથી હમેશાં તેઓ સારી સોબતમાં રહે તેની સંભાળ રાખવી કારણ સદ્‌ગુણ કરતાં દુર્ગુણનો ચેપ જલદી ચોંટી જાય છે અને તે મોટી વયે પણ જતો નથી. દુરાચારી બનવું સહેજ છે પરંતુ ધાર્મિક અને વિદ્વાન બનવું ઘણું કઠિન છે.

જ્ઞાતિવરા ને કન્યા વિક્રય.

લગ્ન પ્રસંગે જ્ઞાતિ ભોજનનાં અને એવાં બીજાં ખર્ચો જે મોજમઝા ને મોટાઇ માટે કરવામાં આવે છે તેમાં પંચોએ મળી વ્યાજબી લાગે તે ઘટાડા કરવા. કારણ—

अन्नदानात्परं नास्ति विद्यादानं ततः परं ।

अन्नेन क्षणिका तृप्तिर्यावज्जिवं तु विद्यया: ॥

અન્નદાન કરતાં વિદ્યાદાન મોટું છે. કારણ અન્ન તો ખાનાર માણસના પેટમાં હોય ત્યાંસુધી જ તૃપ્તિ રહે છે. પરંતુ જેના પૈસાવડે જે માણસ વિદ્યા ભણ્યો હોય તે જ્યાંસુધી જીવતો રહે ત્યાંસુધી તેને આશિર્વાદરૂપ થઇ પડે છે.

આપણી જ્ઞાતિમાં લગ્ન પ્રસંગે જાન સીધાવી વરને પરણાવી પાછા ઘેર આવતા સુધીમાં એક માસ થઇ જાય છે. તેમાં વીશ બાવીશ દિવસ તો કન્યાવાળાના ગામમાં ગાળવા પડે છે. આ બધું ખર્ચ વરવાળાને ભોગવવું પડે છે. આવો રિવાજ ગુજરાતની કોઇ પણ જ્ઞાતિમાં નથી. હવે આપણે વિચાર કરવો જોઇએ કે જે કામ એક અઠવાડિયામાં પૂરૂં થાય તેવું છે તેને બદલે એક માસ ગુજારવાથી પરિણામ એ આવે છે કે ઘણી મુશ્કેલીથી પેદા કરેલા પૈસાનું ફક્ત ભોજનના કામમાં પાણી થઇ જાય છે; અને તેથી વરવાળો ભિખારી થાય છે. જાનૈયાઓને તો "પારકે પૈસે પરમાનંદ ને લાલકુંવરજી કરે આનંદ" એવું થાય છે. વળી તેમને પણ ગોઠમાં પૈસા ખર્ચવા પડે છે. તેમાં કોઇ જાતનો ફાયદો નથી. પારકું અન્ન ખાવાથી દરિદ્રતા પેસે છે અને પૈસા કમાવાનો અમુલ્ય વખત બરબાદ

જાય છે. વળી જે ગામમાં જાન આવી હોય તે જ્યાંસુધી રહે ત્યાંસુધી તે ગામવાળાઓને પણ ધંધો રોજગાર સૂઝે નહિ. વળી તેમાં એક બીજી રીતે પણ નુકસાન થાય છે કે "લાંબાની સાથે ટૂંકો જાય તો મરે નહિ પણ માંદો થાય." તેવી રીતે મોટા માણસોનું દેખાદેખી બીજા ગરીબ માણસોને પણ તેવું ખર્ચ કરવું પડે છે અને તેથી તેવા માણસો એક છોકરો પરણાવતાં નિર્ધન થાય છે. આવા અજ્ઞાનતાના રિવાજો કોઇ પણ રીતે ફળદાયક નથી, તો પછી જ્ઞાતિના અગ્રેસરોએ આંખ ઉઘાડી તેમાં વેળાસર સુધારો શા માટે નહિ કરવો જોઇએ? આવાં મૂર્ખાઇનાં ખર્ચોનાં નાણાં જો બાળકોને કેળવવા પાછળ ખર્ચવામાં આવે તો એજ બાળકો તેમના માબાપોને અને અગ્રેસરોને કેટલો આશિર્વાદ દે તેનો વિચાર કરી આ રિવાજમાં તાકીદે ફેરફાર કરવો જોઇએ. નહિ તો જ્ઞાતિના લોકો પાયમાલ થયા છે ને વધારે થશે.

દીકરીના દામ લેવાનું શાસ્ત્રમાં મહાન પાપ ગણેલું છે.

श्वान मांसं चिता पक्वं चांडाली च रजस्वला ।
भानु प्रसंग मात्रेण किमर्थं संचितेन हि ॥

એક ચંડાળણીએ મશાણમાં પકવેલું કુતરાનું માંસ ઝાલેલું તે વખતે તે રજસ્વળાવાળી હતી; અને સૂર્ય ગ્રહણ થતું હતું; તે છતાં રસ્તામાં પાણી છાંટતી જાય, અને તે પછી ચાલતી જાય. તેને એક રૂપીએ પૂછ્યું કે તુ જાતની નીચ છે. વળી તારી પાસે કુતરાનું માંસ છે. વળી તુ રજસ્વળાવાળી અને સૂર્ય ગ્રહણનો સમય. આ બધું નીચમાં નીચ છતાં તુ જમીનપર પાણી છાંટયા પછી ચાલે છે તેનું કારણ શું? તેના ઉત્તરમાં તેણીએ કહ્યું કે—

गो विक्रय भूमि हर्ता च कन्या विक्रय कारकः ।
त्रीभिर्गच्छन्ति मार्गेण किमर्थं संचितेन हि ॥

આ જગોએ ગાય વેચનાર, જમીનનું દાન દઇને પાછી લઇ લેનાર અને કન્યાવિક્રય એટલે છોકરીના પૈસા લેનાર એ ત્રણ ગયા છે, તે મારાથી પણ અધમમાં અધમ છે. તેથી હું પાણી છાંટી જગ્યાને પવિત્ર કરી તે ઉપર ચાલી જાઉં છું.

વળી કન્યાવિક્રયના પૈસાથી ન્યાતવરા કરવામાં આવે છે, તે જમણ પણ માંસ તુલ્ય ગણાય છે. તે નીચેના વાતથી સ્પષ્ટ થશે.

એક વાણીઓ વૃદ્ધાવસ્થાએ પહોંચવા આવેલો; પરંતુ તેને કંઇ સંતાન નહોતું. તેથી તે ધણી ધણીઆણી બંને હમેશાં ઉદાસીમાં રહેતાં. દોરા ધાગા કરીને થાકયાં પરંતુ કંઇ પ્રજા થઇ નહિ ત્યારે કાયર થઇ એક મુસલમાનના કહેવા ઉપર વિશ્વાસ રાખી પીરની માનતા રાખી અને તેમાં એવું માન્યું કે જો મારે કંઇ સંતાન થશે તો સવાશેર માંસ લાવી પીરને ચડાવીશ. ઇશ્વર કૃપાથી તે માનતા ફળી અને તે વાણીઅણને નવ માસે પુત્રરત્ન થયો. આથી વાણીયાની ખુશાલીનો પાર રહ્યો જ નહિ. પરંતુ પેલી માનતાની દીલગીરીમાં ભરાયો કે ઉત્તમ વર્ણ થઇ ખોટી વસ્તુ હસ્ત ગ્રહણ કરવી તે ખોટું છે. વળી ન્યાતના લોકો જાણે તો ન્યાત બહાર મૂકે. તેણે ઘણા જોશીઓને પૂછ્યું. પરતું કોઇએ ખુલાસો આપ્યો નહિ. આખરે એક વિદ્વાને પેલા શેઠને કહ્યું કે કન્યાવિક્રયના પૈસાથી થતા ન્યાતવરામાંથી તમે સવાશેર જમણ લાવી પીરને ધરાવો, એટલે તમારી માનતા પીર માની લેશે. વાણીયાએ વિદ્વાનના કહેવા ઉપર વિશ્વાસ રાખી પાડોશમાં કોઇને ત્યાં કન્યાવિક્રયના પૈસાવડે જમણ થતું હતું ત્યાંથી સવાશેર જમણ માગી લાવી પીરને ધર્યું. પીરને ધરેલા

પાત્રમાં નજર કરી તો તે ખરેખર માંસ બની ગએલું તેના જોવામાં આવ્યું. આ ઉપરથી વિક્રયનું જમણવાર માંસ બરાબર છે કે નહિ તે ઉપરના દ્રષ્ટાન્તથી સાબિત થાય છે. તો તેવો ખોરાક આપણા પેટમાં કેટલો ગયો હશે? તો પછી આપણી શુદ્ધ બુદ્ધિ કેવી રીતે થાય તેનો વિચાર કરવો. આ સંબંધમાં ઘણું લખવાનું છે. પણ હાલ એટલેથીજ આ વિચાર બંધ કરી જણાવવાનું કે—

दीपो भक्षयते ध्वान्तं कज्जलं च प्रसूयते ।
यदन्नं भक्षये न्नित्यं जायते तादृशी प्रजाः ॥

દીવો હંમેશાં અંધારાનું ભક્ષણ કરે છે. તેથી તેનામાંથી કાજળ નીકળે છે. તેવી જ રીતે નીચ માણસનું અન્ન ખાવાથી પ્રજાઓ નઠારી થાય છે. કારણ ખોરાકથી જ વીર્ય બંધાય છે અને તેની પ્રજા ઉત્પન્ન થાય છે.

અગ્રેસરો.

આગેવાનો અથવા અગ્રેસરો એટલે જ્ઞાતિલાઓને સારે માર્ગે દોરનાર પુરૂષો એવો અર્થ થાય છે. લશ્કરના આગેવાનોને શિર લશ્કરનું જેટલું જોખમ રહેલું છે તેટલું જ જ્ઞાતિનું જોખમ જ્ઞાતિના આગેવાનોને શિર રહેલું છે અને તે ઉપરથી કહેવત ચાલે છે કે "જેમના આગેવાન આંધળા તેમનાં લશ્કર કુવામાં" આ કહેવત સત્ય છે. કારણ જ્ઞાતિની ચડતી પડતીનો આધાર આગેવાનો ઉપર રહેલો છે.

આજકાલ આપણા દેશમાં મુસલમાન કોમ કેળવણીમાં ઘણી પછાત છે તેથી તેમના આગેવાનોએ પોતાની કોમને માટે તન, મન

અને ધનથી ભારે પરિશ્રમ લઇ નવી મદ્રેસાઓ કાઢી, અને સરકાર પાસે કઢાવી તેમને કેળવી આગળ પાડવાના અનેક માર્ગ ગ્રહણ કર્યા છે. આપણી જ્ઞાતિના અગ્રેસરોને પોતાની કોમ માટે આવી લેશ માત્ર પણ લાગણી નથી. અંગ્રેજો પોતાની કોમ માટે ઘણું અભિમાન ધરાવે છે. તેથી એ લોકો ઉન્નતિના શિખર ઉપર ચઢી ગયા છે ત્યારે આપણા લોકો માંહેમાંહે કજીયા ટંટા કરી પાયમાલ થાય છે. આ દોષ આગેવાનોને શિર રહેલો છે.

ભુજંગી છંદ.

ધરી નામ મોટું તમે શું ઉકાળ્યું
ધરી નામ મોટું તમે શું નિહાળ્યું;
અભિમાન માંહે સુતા સોડ તાણી
કરી નાતની હાથથી ધૂળધાણી— ૧

કુસંપે જુઓને કર્યો કેર કાળો
તડાંથી તુટયો નાતનો એક માળો
થયો સંપ તોયે રહ્યા દ્વેષ આણી
કરી નાતની હાથથી ધૂળધાણી.— ૨

કદી થાય ટંટો મૂકો માંય ટોટો
લડો તે પછી નિત્ય વાળી કછોટો;
સગાંને સબંધી તણા પક્ષ તાણી
કરી નાતની હાથથી ધૂળધાણી.— ૩

બની શેઠ બેઠા કરી પેટ મોટાં
બસે નાતના લોકનાં થાય ખોટાં;
ઉપાયો ન લીધા કંઇ ઉર આણી
કરી નાતની હાથથી ધૂળધાણી.— ૪

બન્યા અંધ મોટાઇમાં હાથ ઘાલી
નહિ રંક લોકો તણી બાંય ઝાલી;
ભર્યાં પેટ તેમાં શું કીધી કમાણી
કરી નાતની હાથથી ધૂળધાણી.— ૫
નથી નાતના લોક વિદ્યા ભણેલા
નથી નાતના કોઇ હોદ્દે ચડેલા;
અભિમાન હોદ્દે ચડ્યા સૌ વખાણી
કરી નાતની હાથથી ધૂળધાણી.— ૬
વિવાને વરામાં બડી ધામધૂમો
ભલે હાંડલાં પાડતાં હોય બૂમો;
ખરો જીંદગાની તણો લ્હાવ જાણી
કરી નાતની હાથથી ધૂળધાણી.— ૭
બધો દેશ જાગ્યો તમે તેમ જાગો
સુધારા વધારી કુધારાને ત્યાગો;
કહે ફરથી નવલ સત્યવાણી
નહિ તો થઇને થશે ધૂળધાણી.— ૮

જ્ઞાતિનો ઉદય લુખી શેઠાઇ કે પટલાઇ કરવામાં નથી; જ્ઞાતિનો ઉદય અભિમાન કે મોટાઇ રાખવામાં નથી, જ્ઞાતિનો ઉદય બીજા બંધુઓ તરફ તિરસ્કારની નજરે જોવામાં નથી; જ્ઞાતિનો ઉદય લોકોને ઉંધું ચત્તું સમજાવવામાં નથી; જ્ઞાતિનો ઉદય પક્ષાપક્ષ કરવામાં નથી, જ્ઞાતિનો ઉદય બીજાએ આરંભેલાં સારાં કાર્યોમાં વિઘ્ન કરવામાં નથી. પરંતુ જ્ઞાતિનો ઉદય તો બાળકોને કેળવણી આપવામાં, સૌનું શુભ ઇચ્છવામાં, શેઠ રૈયતને એક ગણવામાં અને સૌની સાથે હળીમળી

ચાલવામાં છે. આપણા આગેવાનોમાં ઉપલા ગુણ હોત તો જ્ઞાતિની અધમાવસ્થા થાતજ નહિ. એક કવિએ કહ્યું છે કે—

દોહરો.

બડે નામ તે કા ભયો કાજ બડો નહિ હોત;
કહે અરક સબ આકકૂં પેં ન હોત ઉદ્યોત.

મોટું કામ ન થયું ત્યારે એ મોટું નામ શા કામનું ? તે જેમ આકડાનું નામ સર્વ અર્ક કહે છે. પણ અર્ક જે સૂર્ય તેની પેઠે પ્રકાશતો નથી ત્યારે એ નામ શા કામનું ?

અનુષ્ટુભ વૃત્ત.

परिवर्तिनि संसारे मृतः को वा न जायते ।
स जातो येन जाते न याति वंशः समुन्नतिम् ॥

જેમાં ઉત્પત્તિ ને નાશ થાય છે એવા સંસારમાં કયો પુરૂષ ઉત્પન્ન નથી થયો ને કયો પુરૂષ મરણ નથી પામ્યો. અર્થાત અનેક જન્મ્યા ને મરણ પામ્યા. પરંતુ ઉત્પન્ન થયો તો તેજ કે જેનાથી કુળની અને નાતની ચઢતી થાય છે. માટે મારા મુરબ્બી ભાઈઓ નામ પ્રમાણે કામ કરી બતાવો. સમગ્ર જ્ઞાતિના ભલામાં જ સર્વનું ભલું છે.

नमन्ति फलिनो वृक्षा नमन्ति गुणिनो जनाः ।
शुष्क काष्टं च मूर्खं च न नमन्ति कदाचन ॥

વૃક્ષને જ્યારે ફળ આવે છે ત્યારે તે નમે છે. તેવી જ રીતે ગુણવાન માણસ નમે છે. પરંતુ સૂકું લાકડું અને મૂર્ખ માણસ કોઇ દિવસ નમતા નથી.

વળી એક કવિએ કહ્યું છે કે—

દોહરો.

ઓછો જો ઉંચો બને નમે ભારી અભ્રાંત;
ના પ્રતીતિ તો લેહુલખિ તાકડીકો દ્રષ્ટાંત.

જો કોઇ પોતાની મેળે ઉંચો થાય તેને ઓછો એટલે હલકો જાણવો ને જે નમ્યો તેને ભારે એટલે મોટો જાણવો. એ વાતમાં સંદેહ નથી. તે બદલ ત્રાજવાનું દ્રષ્ટાંત જોઇ લો કે ઓછું હોય તે ઉંચું જાય અને ભારે હોય તે નમતુ રહે.

આ ઉપરથી સારા માણુસોએ ઘણો ધડો લેવાનો છે એટલે કે તાકડીના ભારે પલ્લા જેવા થઇ મોટું પેટ રાખી જ્ઞાતિ ભોજનમાં ભેગા બેસી જમવું અને હમેશાં હળી મળી રહેવું એમાં પરમેશ્વર સૌનું કલ્યાણ કરશે. મનુષ્ય જન્મ અને તેમાં વળી ઉત્તમ અવતાર ધારણ કરી આ દેહે જ્ઞાતિનું કલ્યાણ કરવું એમાં મહાન પુણ્ય ગણેલું છે માટે આ દીન સેવકની અરજ ધ્યાનમાં લેશો.

આગેવાનોએ ખોટી રીતે કોઇની પક્ષાપક્ષ નહિ કરતાં તેમણે નિર્મળ ન્યાય કરવો જોઇએ એમાં જ તેમની મહત્તા રહેલી છે.

સંપ.

પશુ પક્ષી અને બીજાં પ્રાણી પણ સંપથી રહે છે. એ બદલ તાજો દાખલો કીડી જેવા હલકા પ્રાણીનો જોઈ ખાત્રી કરો. તેઓ જેવી રીતે સંપથી રહે છે તેવી રીતે આપણે સંપથી રહેવું જોઇએ. સંપમાં કેટલું બધું સુખ સમાયલું છે તે બદલ નીચેનું દ્રષ્ટાંત ધ્યાનમાં લેશો.

કોઇ એક ગૃહસ્થના ઘરમાં કુસંપનું બળ વધવાથી એક રાત્રીને વિષે તે ગૃહસ્થ સૂતો હતો. તે વખતે લક્ષ્મીએ આવી તેને કહ્યું કે શેઠ ! હવે હું તારા ઘરમાંથી જવાની છું. માટે તારે મારી પાસે જે વરદાન માગવું હોય તે માગ—એટલે શેઠ જાગૃત થઇને કહ્યું કે અ- ત્યારે નહિ માગું. પરંતુ કાલે મારા કુટુંબ વર્ગને પૂછીને પછી માગીશ. લક્ષ્મીએ તે પ્રમાણે કબુલ રાખ્યું. પ્રભાતે ઉઠીને શેઠે પોતાના કુટુંબ વર્ગને એકઠા કરી પૂછ્યું કે આપણી લક્ષ્મી તો હવે જવાનું કહે છે. પરંતુ એક વરદાન આપવાનું કહી ગઇ છે માટે તમે બધા જે કહો તે વરદાન હું માગું. તેમાં કોઇએ દ્રવ્ય માગવાનું કહ્યું; તો કોઇએ પુત્રાદિક કુટુંબની વૃદ્ધિ માગવા કહ્યું; એમ સૌ જુદી જુદી રીતે બોલ્યાં. છેવટે શેઠના નાના છોકરાની વહુ જે બહુ ગુણવાન હતી તેને શેઠે પૂછ્યું. એટલે તેણીએ જણાવ્યું કે લક્ષ્મી રહો કે ના રહો પરંતુ આપણા કુટુંબમાં નિરંતર સંપ રહે એવું માગો. એ વાત શેઠને ગળે ઉતરી. પછી રાત્રીને વિષે લક્ષ્મીએ આવી વરદાન માગવા કહ્યું એટલે શેઠે કહ્યું કે મારા કુટુંબમાં નિરંતર સંપ અવિચળ રહે એવું વરદાન આપ. તે વખતે લક્ષ્મીએ કહ્યું કે હવે મારાથી જવાશે નહિ કારણકે તેં સંપ માગ્યો છે. તેથી જ્યાં સંપ રહે છે ત્યાં મારો વાસો રહે છે. એમ કહી લક્ષ્મી અદૃષ્ય થઇ ગઇ. આવી રીતે સંપના પ્રતાપે શેઠ અને તેમનું કુટુંબ હમેશાં લક્ષ્મીના નિવાસથી સુખી થયું.

વળી સુતરનો એક તાર સહેજ તોડી શકાય છે. પરંતુ સામટા તાર ભેગા કરી તેનું દોરડું બનાવવામાં આવે છે તો તે કોઇનાથી તોડી શકાતું નથી અને એ તારના સંપથી બનેલા દોરડાથી મહા-મત્ત હાથી જેવાં પ્રાણીઓ પણ બંધાઇ શકે છે. આ ઉપરથી સંપની કેટલી બધી અગત્ય છે તેનો ખ્યાલ આવી શકશે. હાલમાં આપણી

જ્ઞાતિમાં જે જે કુટુંબો દુઃખી હાલતમાં દ્રષ્ટીએ પડે છે તે સઘળાંમાં સંપનો અભાવ અને કુસંપની વૃદ્ધિ સિવાય બીજું કંઇ પણ જોવામાં આવતું નથી. પિતા પુત્રોમાં, ભાઇઓ ભાઇઓમાં, સાસુ વહુઓમાં, સોકય સોકયમાં એમ બધે કુસંપ ઘર કરી બેઠો છે અને તેથી જ લક્ષ્મી વગેરેનો નાશ થાય છે અને તે દ્રષ્ટીએ જોવામાં આવે છે. જે ઘરમાં, જે કુટુંબમાં, જે જ્ઞાતિમાં, જે ગામમાં, અને જે દેશમાં કુસંપનાં બીજ રોપાયાં છે તે તે ઘર, કુટુંબ, જ્ઞાતિ, ગામ અને દેશને તેનાં માઠાં ફળ ભોગવવાં પડે છે.

છેવટે જણાવવાનું કે જ્યારે કેળવણીનાં મૂળ જામશે, કુસંપ, દ્વેષ અને મિથ્યાભિમાનનાં મૂળ ઉખડી જશે ત્યારેજ જ્ઞાતિનો ઉદય થશે. પરંતુ તે ઉદય પોતાની મેળે થવાનો નથી.

उद्योगं खलु कर्तव्यंः फलं मार्जारवद्भवेत् ।
जन्म प्रभृति गौर्नास्ति पयः पिबाति नित्यशः ॥

ઉદ્યોગ અવસ્ય કરવો તેમાં ફળ બિલાડીની પેઠે થાય છે. બિલાડીને જન્મથી તે મરણ પર્યંત ગાય હોતી નથી. પરંતુ તે હંમેશાં દૂધ પીએ છે. મતલબ કે ગમે તેવી વસ્તુ ઉદ્યમથી મેળવી શકાય છે.

માટે મારા જ્ઞાતિબંધુઓ આપણી પહેલી ફરજ જે બાળકોને કેળવવાની તેની ખરા અંતઃકરણથી શરૂઆત કરો અને તે બદ્દલ પ્રથમ જે લખવામાં આવ્યું છે તેનું મનન કરો. વળી એ પણ હમેશાં ધ્યાનમાં રાખવું કે—

आचारः प्रथमो धर्मो धर्मस्य प्रभु रुच्यते ।
यद्भक्त्या पुंडरिकाक्षो धर्मोधिक तमो मतः ॥

દરેક માણસને આચાર એટલે ન્હાવું ધોવું, પાણી ગળીને પીવું અને જમ્યા પછી રસોડું સ્વચ્છ રાખવાને માટે સાવરણી નહિ ફેરવતાં હમેશાં છાણ માટીથી લીંપી લેવું, આ વિગેરે મુખ્ય ધર્મ છે અને તેથી ઇશ્વર પ્રસન્ન રહે છે. વળી ઇશ્વરની ભક્તિ કરવાથી પ્રતિદિન ધર્મનો વધારો થાય છે.

चला लक्ष्मीश्चलाः प्राणाश्चलं जीवित यौवनम् ।
चलाचले च संसारे धर्म एकोहि निश्चलः ॥

મોત કોઇને છોડતું નથી. આ ફાની દુનિયામાં બધું અસ્થિર, નાશવંત અને નકામું છે. માત્ર ધર્મ સ્થિર, અચલ અને કામનો છે. માણસ મરી જાય છે. પણ તેની કીર્તિ અમર છે. મોતથી ડરવું નહિ, પણ કાળ આપણને ગમે તે વખતે ઝડપી લેશે, તે ધ્યાનમાં રાખી હંમેશાં સત્કર્મો કરવાં કારણ કે મરી ગયા પછી પણ નઠારાં કામને માટે આપણને ઇશ્વરના દરબારમાં જવાબ દેવો પડશે.

ગરબી.

ઓ શ્રીમન્તો ગુણવાન અરજ ઉર ધરજોરે
જ્ઞાતિ સુધારો થાય એવું કરજો રે. ૧

આ સમય છે વિદ્યાનો નિશ્ચે જાણોરે
સુખ સઘળાં વિદ્યામાંય તેને માણોરે. ૨

હોંશ ધરી પુત્રોને ખૂબ ભણાવોરે
સાંપાંનાં પૂછડાં શીદ હવે અંબળાવોરે. ૩

કરી નાત વરામાં નામ દેશ ડૂબાવોરે

લગ્નોમાં ઘેલા થઇ દામ ઉડાવોરે. ૪

અઠવાડિયાનું કામ માસ ચલાવોરે
વરવાળાનો વહેવાર શીદ છોડાવોરે. ૫

આ રિવાજમાં સુધારો સત્વર કરજોરે
એમાં છે સૌને લાભ ઉરમાં ધરજોરે. ૬

દૂર કરી કુસંપ સંપ વધારોરે
ઓ જ્ઞાતિજ્ઞા ગુણવાન નાતને તારોરે.— ૭

મિથ્યાભિમાનીઓને નીચેની કવિતા ઘણી બોધકર્ત્તા થઇ પડશે.

ભુજંગી છંદ.

અંહકાર જો રાવણે ખૂબ રાખ્યો
ચઢી ચોટમાં મોતનો સ્વાદ ચાખ્યો;
કર્યો વાંદરે હાલ બેહાલ કેવો
અહંકારમાં સાર છે યાર એવો. ૧

અહંકાર કીધો જુઓ રાય કંસે
વડું દુઃખ વેઠયું વળ્યો ડાટ વંશે;
જુઓ મસ્ત જોદ્ધા જરાસંઘ જેવો
અહંકારમાં સાર છે યાર એવો. ૨

અહંકાર દુર્યોધને ઉર આણ્યો
બીજો આપ જેવો ન જોદ્ધાજ જાણ્યો;
તજી તાજ તે તો થયો તુચ્છ તેવો
અહંકારમાં સાર છે યાર એવો. ૩

જુઓ જેમ જેણે અહંકાર આણ્યો
કમોતે મુઓ મૂર્ખ થઇ શોક માણ્યો;
ડૂબ્યા દુઃખમાં દીન થઇ દૈત્ય દેવો
અહંકારમાં સાર છે યાર એવો. ૪

રૂડી નમ્રતા જે રૂદયમાં ન રાખે
ચઢીને અહંકારનો સ્વાદ ચાખે;
ભખે વિખ મીઠાં તજી સ્વાદ મેવો
અહંકારમાં સાર છે યાર એવો. ૫

બકે બોલ જે જે અહંકાર આણી
વિના તોલ તેની જશે વ્યર્થ વાણી
ખરા ખારમાં વાવીને ખાર લેવો
અહંકારમાં સાર છે યાર એવો. ૬

અહંકારી નિંદાય છે વાટ ઘાટે
તમે મિત્ર તેને તજો તેજ માટે;
સદા નમ્ર થઇ સૃષ્ટિનો સ્વામી સેવો
અહંકારમાં સાર છે યાર એવો. ૭

સમાપ્ત.

અમદાવ

ભારીયા કંડાગાયની પોળમાં પ્ર

કેશરલાલ પરશોતમદાસ